સંક્ષિપ્ત સમાચાર

ઉચ્છલની મામલદાર કચેરીમાં બાકડાના અભાવે લોકો નીચે બેસવા મજબૂર

વ્યારા: સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે તો પ્રજાના ટેક્સના પૈસાના જોરે આરામદાયક ખુરશી સહિત ઉચ્ચ અધિકારીઓ અને ચુંટાયેલા પદાધિકારીઓ માટે તો મોંઘાદાટ સોફાસેટ સાથેના એ.સી. ચેમ્બર સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ત્યારે ઉચ્છલ તાલુકામાં તો મામલતદાર કચેરીમાં બાકડાની અપૂરતી સુવિધાના કારણે કચેરીમાં કામ માટે દૂર દૂરનાં ગામમાંથી આવતાં લોકો કલાકો સુધી ભોંય પર બેસવા લાચાર બન્યા છે. ઉચ્છલ મામલતદાર કચેરીમાં અગાઉ મુકાયેલા બાકડા તૂટેલા હોવાથી બેસવા લાયક પણ રહ્યા નથી. ત્યારે તાત્કાલિક ધોરણે કચેરીમાં નવા બાકડાની સુવિધા પૂરી પાડવામાં આવે તે લોકહિત માટે અનિવાર્ય બન્યું છે.

વ્યારાની ઉંચામાળા અણુમાલા ટાઉનશીપમાં કાર અડફેટે વૃદ્ધનું મોત

વ્યારા: વ્યારાના ઉચામાળા ગામે અણુમાલા ટાઉનશિપમાં કારની અડફટે વૃદ્ધનું હોસ્પિટલમાં લઈ જતાં મોત નીપજ્યું હતું. તુફેલ અહમદ અદી ઇન્દ્રશી (ઉ.વ.65) છેલ્લા એક મહિનાથી કાકરાપાર અણુમથકમાં નોકરી કરતા પોતાના પુત્ર સાથે અણુમાલા ટાઉનશિપમાં રહેતા હતા. ગત તા.17-3-2026ના રોજ સાડા નવ વાગ્યા દરમિયાન વૃદ્ધ તુફેલ અહમદ અહમદ પોતાના ઘરની પાસે ગાર્ડનમાં કામ કરી રહ્યા હતા. એ સમયે એક ફોર વ્હીલર ગાડી નં.(GJ 26 A 4214) ના ચાલક જયેશ આર.ટીલવાવાલા (રહે.,અણુમાલા ટાઉનશિપ, ઉચામાળા, તા.વ્યારા)એ ગફલતભરી રીતે કારને હંકારી લાવી વૃદ્ધને ટક્કર મારતાં વૃદ્ધને ગંભીર ઇજા થતાં એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લઈ જતાં મોત નીપજ્યું હતું. આ અંગે વૃદ્ધના પુત્રએ ફરિયાદ આપતાં કાકરાપાર પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ડોલવણનો સાયબર ફ્રોડનો આરોપી ઝડપાયો

વ્યારા: તાપી LCB અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમ સાઈબર ક્રાઈમના આરોપીને વાપીથી ઊંચકી લાવી હતી. મળતી માહિતી મુજબ ડોલવણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાઈબર ક્રાઈમમાં સંડોવાયેલા આરોપી ગોપાલ બાલા સુબ્રમણ્યમ ઈયેર (ઉ.વ.47) (રહે.,એ-203 પ્રાચોશાવ્લિશ બિલ્ડિંગ, ડિંડોલી, સુરત)ને તાપી LCB ખાનગીના આધારે ગત તા.17-3-2026ના રોજ વાપી ખાતેથી પકડી લાવી હતી અને આરોપીને ડોલવણ પોલીસને હવાલે કર્યો હતો.

કામરેજના આંબોલી તાપી નદીના કિનારે જુગાર રમતા સાત પકડાયા

કામરેજ: કામરેજના આંબોલી ગામની હદમાં ઘન્વી ફાર્મની બાજુમાં તાપી નદીના કિનારા ઉપર ગંજીપાના પર હારજીતનો જુગાર કેટલાક ઈસમો રમી રહ્યા છે. એવી બાતમીના આધારે સ્ટાફ સાથે રેડ કરતાં કિશન રામજી પરમાર (ઉ.વ.25) (હાલ રહે.,આંબોલી, લક્ષ્મેશ્વરનગર સોસાયટી, મૂળ રહે.,આંબલીયા, જિ.જૂનાગઢ), સુમીત યોગેશ પટેલ (ઉ.વ.30) (રહે.,357, આદર્શનગર સોસાયટી, વેલંજા, મૂળ રહે.,અજરપુરા, જિ.આણંદ), હનીફ મોહમદ બાદશાહ (ઉ.વ.40) (રહે.,પટેલ ફળિયું, કઠોર, તા.અબ્રામા), મોહમદ હુસૈન અલલ્લારખા તાઈ (ઉ.વ.50) (રહે., તાઈવાડ, કઠોર, તા.અબ્રામા), યુનુસ નૂર મોહમદ સાબરસોરા (ઉ.વ.40) (રહે.,અકબરની વાડી, ખોલવડ), તોસીફ નઝીર બાદશાહ (ઉ.વ.34) (રહે.,પાણીની ટાંકી પાસે, આંબોલી), અશોક કાળુ ઓડ (ઉ.વ.28) (હાલ રહે.,ઘર નં.431, શિવનંદન સોસાયટી, કડોદરા, તા.પલસાણા, મૂળ રહે.,સીયાનગર, તા.ગઢડા, જિ.બોટાદ)ને પકડી દાવ પરના રોકડા રૂ.3500 તેમજ અંગજડતી કરતાં રોકડા રૂ.11860 મળી કુલ રૂ.15360નો મુદ્દામાલ ઝડપી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સોનગઢમાં વ્યાજખોરી વિરોધી સેમિનાર યોજાયો

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે "વ્યાજના દૂષણ અને નાગરિકોને ખાનગી તથા રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી ધિરાણ અંગે માર્ગદર્શન" વિષયક મહત્ત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સોનગઢ શહેર તેમજ તાલુકાના મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. સેમિનાર દરમિયાન ઉપસ્થિત નાગરિકોને ગેરકાયદે વ્યાજખોરીના ગંભીર દુષ્પ્રભાવો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે જ પોલીસે અપીલ કરી હતી કે કોઈપણ નાગરિક આવા દૂષણનો ભોગ બને તો પોલીસ મથકનો સંપર્ક કરજો.આ પ્રસંગે નાગરિકોને નાણાકીય જરૂરિયાત માટે કાયદેસર માર્ગ અપનાવી ખાનગી તથા રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી જ ધિરાણ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ મિટિંગમાં નિઝર ડી.વાય.એસ.પી. આઈ.એન. પરમાર, થાણા અધિકારી એન.એસ.ચૌહાણ, પી.આઈ. વી.કે. પટેલ તેમજ અન્ય પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.

બારડોલી સુગરના ખેડૂતોના ખિસ્સા પર 'કિલોમીટર'નો માર: ભાડાના સ્લેબ સુધારો

9.3 કિમી માટે 15 કિમીનો સ્લેબ લાગુ કરી ખેડૂતો પર લાખોનો વધારાનો બોજ ઝીંકાયો

બારડોલી: બારડોલી સુગર ફેક્ટરીમાં શેરડી પૂરી પાડતા ખેડૂતોએ શેરડી પરિવહન (વાહન ભાડા)ના કિલોમીટર સ્લેબમાં ચાલી રહેલી વ્યાપક ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવ્યો છે. ખેડૂતોનો ગંભીર આક્ષેપ છે કે નક્કી કરવામાં આવેલા કિલોમીટર સ્લેબ અને વાસ્તવિક અંતર વચ્ચે મોટો તફાવત હોવાને કારણે છેલ્લા ઘણા સમયથી તેમને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. આ બાબતે ખેડૂત દ્વારા તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે અને તાત્કાલિક સુધારાની માંગણી કરવામાં આવી છે. ખેડૂત દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ અનેક ગામોમાં ખેતરથી ફેક્ટરી સુધીનું વાસ્તવિક અંતર ઓછું હોવા છતાં, જૂના અને ક્ષતિપૂર્ણ સ્લેબ મુજબ વધુ ભાડું વસૂલવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જ્યાં વાસ્તવિક અંતર માત્ર 14 કિલોમીટર છે, ત્યાં 21-25 કિલોમીટરના સ્લેબ મુજબ ભાડું ગણવામાં આવે છે. તેવી જ રીતે, 9.3 કિલોમીટરના અંતર માટે 11-15 કિલોમીટરનો સ્લેબ લાગુ કરીને ખેડૂતો પર પ્રતિ ટન વધારાનો આર્થિક બોજ નાંખવામાં આવી રહ્યો છે. નવા રસ્તા અને પુલોના નિર્માણ બાદ અંતર ઘટ્યું હોવા છતાં, વહીવટી તંત્ર હજુ પણ જૂના લાંબા રૂટ મુજબ જ ભાડું ગણી રહ્યું છે જે ગંભીર બેદરકારી સૂચવે છે.

આ વિસંગતતાને કારણે ખેડૂતો તેમજ સંસ્થા બંનેને આર્થિક નુકસાન થઈ રહ્યું હોવાનું જણાવાયું છે. ખેડૂતે ચીમકી આપી છે કે, જો આ મુદ્દે તાત્કાલિક યોગ્ય નિર્ણય લઈને કિલોમીટર સ્લેબમાં સુધારો કરવામાં નહીં આવે, તો તેઓ સહકારી રજિસ્ટ્રાર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે અને જરૂર પડ્યે આંદોલનનો માર્ગ પણ અપનાવશે. હાલમાં ખેડૂતો આશા રાખી રહ્યા છે કે તંત્ર દ્વારા વહેલી તકે પારદર્શક રીતે અંતરની માપણી કરી ન્યાય આપવામાં આવશે. બારડોલી સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષો જૂના સ્લેબ છે, તેમાં અમે કોઈ સુધારા વધારા કર્યા નથી. વાહનોને જે રૂટ છે તેના પરથી જ આવવાનું હોય છે. અન્ય શોર્ટકટ રૂટ પરથી અમે પરવાનગી આપતા નથી. ટ્રક ચાલકો અન્ય રૂટ પરથી આવે તો તે તેમની જવાબદારી અને જોખમે આવે છે.

હિતેશ પટેલ

ઝાબ ટોલનાકા મુદ્દે ઉગ્ર આંદોલન: સ્થાનિકોની કાયમી ટોલ મુક્તિની માંગ

ટોલ મુક્તિનો સત્તાવાર આદેશ નહીં છૂટે ત્યાં સુધી આંદોલન યથાવત રહેશે: ગ્રામજનો

માંડવી: માંડવી-કીમ રાજ્ય ધોરી માર્ગ પર ઝાબ ગામ નજીક તાજેતરમાં શરૂ કરાયેલા નવા ટોલનાકાના વિરોધમાં સ્થાનિક લોકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. આ માર્ગ સરકારી ખર્ચે અને સ્થાનિક ખેડૂતોની જમીન પર બન્યો હોવા છતાં, સ્થાનિક વાહનચાલકો પાસેથી જ ટોલ વસૂલવામાં આવતાં ગ્રામજનો તેને અન્યાયી આર્થિક શોષણ માની રહ્યા છે.

આ અન્યાયના વિરોધમાં બુધવારે સવારે ૧૧ વાગ્યાથી જ આસપાસના ગામના લોકો મોટી સંખ્યામાં ટોલનાકા ખાતે એકઠા થયા હતા અને ઉગ્ર દેખાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. ડબલ રૂટના આર્થિક બોજામાંથી બચવા માટે સ્થાનિકોને કાયમી ટોલ મુક્તિ આપવામાં આવે તેવી તેમની મુખ્ય માંગ છે. બીજી તરફ, આંદોલનના કલાકો વીતવા છતાં વહીવટી તંત્ર કે ટોલ સંચાલકો તરફથી કોઈ અધિકારી લોકોની રજૂઆત સાંભળવા ન પહોંચતાં તંત્રની ઘોર ઉદાસીનતા સામે આવી છે. રોષે ભરાયેલા ગ્રામજનોએ મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે કે જ્યાં સુધી સ્થાનિકો માટે ટોલ મુક્તિનો સત્તાવાર આદેશ નહીં છૂટે, ત્યાં સુધી આ આંદોલન યથાવત રહેશે.

વ્યારામાં શિવ રાઈસ મિલના સંચાલક સાથે 1 કરોડની ઠગાઈ

મહારાષ્ટ્રના નાગપુરના બ્રોકર અને મુંબઈના એક શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ

વ્યારા: વ્યારામાં શિવ રાઈસ મિલનો સંચાલક 1 કરોડથી વધુની ઠગાઈનો ભોગ બનતાં વ્યારા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. મળતી માહિતી મુજબ દિનેશભાઈ અરજણભાઈ પાડલિયા (ઉં.વ.56) (ધંધો-વેપાર) (રહે.,9, સમૃદ્ધિ બંગ્લોઝ, સંસ્કૃતિ સોસાયટી, તાડફૂવા, તા.વ્યારા) વ્યારામાં વીરપુર ફાટક પાસે શિવ રાઈસ નામે મિલ ચલાવે છે. વેપારી દિનેશને પોતાના જામનગર ખાતેના બ્રોકર હિતેશ આહુજા પાસેથી ટેલિફોન દ્વારા નાગપુર બ્રોકર અને મુંબઈના એક શખ્સ સાથે વાતચીત કરી ચોખા માટે ઓર્ડર મેળવ્યો હતો. ઓર્ડર મુજબ વેપારીએ 405 ટન ચોખાનો જથ્થો 1 કિલોના 29.40 રૂપિયાનાં ભાવે ગણી જેની GST સાથેની કુલ કિં.રૂ.1,30,96,083 મુજબ બિલ બનાવી બ્રોકર દર્શન સુરેશ જોઈકર અને શ્રેયંસ સુશીલ ડુંગરવાળાને મોકલી ત્યારબાદ ધારા લોજિસ્ટિકની અલગ અલગ ગાડીઓ મારફતે TG CFS Limited (Mundra) અને અદાણી પોર્ટ તેમજ SEZ મુન્દ્રા ખાતે ગત વર્ષે તા.15-11-2025થી તા.24-11-2025 સુધી ચોખાનો 405 ટન જથ્થો મોકલી આપ્યો હતો. જેના રૂપિયા દસ દિવસમાં ચૂકવી દેવાનું નક્કી થયું હતું. જો કે, શ્રેયંસ સુશીલ ડુંગરવાળાએ તા.20-11-2025થી 28-1-2026 સુધી રૂ.30,77,276 રૂપિયા ચૂકવ્યા છે. જ્યારે બાકીના 1,00,18,807 ચૂકવવા માટે ખોટા વાયદાઓ કરી આજદિન સુધી ન ચૂકવતાં શિવ રાઈસ મિલના વેપારીએ બ્રોકર દર્શન સુરેશ જોઈકર 6/10 લોહાણા ભવન સામે, એલ.આઈ.જી. હાઉસિંગ બોર્ડ કોલોની, હીરાવાડી નગર, નાગપુર, મહારાષ્ટ્ર) તેમજ શ્રેયંસ સુશીલ ડુંગરવાલા (રહે.,ઓફિસ 1001 બી, એ વિંગ્સ એટર્નિયા, હીરાનંદાની ગાર્ડન, પવઈ, મુંબઈ, મહારાષ્ટ્ર) વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાઘેચમાં આધેડનું બાથરૂમમાં પડી જવાથી મોત

બારડોલી: બારડોલીના વાઘેચ ગામે પટેલ ફળિયામાં રહેતા 52 વર્ષીય વિજયભાઈ કમલેશભાઈ વૈષ્ણવનું પોતાના ઘરે બાથરૂમમાં પડી જવાથી આકસ્મિક મોત નીપજ્યું છે. આ ઘટના ગત તારીખ 16 માર્ચની રાત્રિથી 17 માર્ચની સવાર દરમિયાન બની હતી. વિજયભાઈ પોતાના બેડરૂમના બાથરૂમમાં ગયા હતા, જ્યાં ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે બારડોલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, ત્યાં હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના પિતા કમલેશભાઈ રામરતનદાસ વૈષ્ણવે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ડભારી ગામની યુવતી રહસ્યમય રીતે ગુમ

સાયણ: ઓલપાડના ડભારી ગામે હનુમાન મંદિર ફળિયામાં રહેતા ખેડૂત મુકેશભાઈ પટેલની ૧૯ વર્ષીય પુત્રી ઉર્વશી ગત ૧૫મી માર્ચના રોજ વહેલી સવારે ઘરેથી કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. આ યુવતીની શોધખોળ છતાં ભાળ ન મળતાં ઓલપાડ પોલીસે ગુમ જાણવા જોગ નોંધી તપાસ હાથ ધરી છે.

અરેઠના પાટણામાં ખેડૂતોના મોટરના વાયર્સની ચોરી

હિતેશ પટેલ

માંડવી: અરેઠના પાટણા ગામે મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ ખેડૂતોના ખેતરોને નિશાન બનાવી મોટરના કોપર વાયર્સની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. ગામના આશરે 8થી 10 ખેડૂતોના ખેતરમાંથી મોટરના વાયર ચોરી જતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

હાલ ઉનાળાની ઋતુને કારણે ખેતરોમાં સિંચાઈ માટે પાણીની વધુ જરૂરિયાત રહે છે. આવા સમયે મોટરના વાયરો ચોરી જતાં ખેડૂતોને ખેતીકાર્યમાં ભારે મુશ્કેલી પડી રહી છે. મળતી માહિતી મુજબ તસ્કરોએ એક ખેતરમાં આવેલી બંગલીનું તાળું તોડી અંદરથી મોટરના વાયર ચોરી કર્યા હતા. ખેડૂતોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં મોટરના કોપર વાયર્સની ચોરીની ઘટનાઓમાં વધારો થયો છે. ચોરો મોંઘા કોપર વાયરો કાપીને ભંગારના ભાવે વેચી દેતા હોવાનું કહેવાય છે, જેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. આ અંગે ખેડૂતો દ્વારા પોલીસ તંત્રને અનેક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી થઈ નથી.

પેલાદ બુહારીમાં ગટર લાઈનનું કામ અધૂરું, પૈસા ચૂકવાઈ ગયા!

પંચાયતના સત્તાધીશોએ કોન્ટ્રાક્ટર સાથે મળી સરકારી નાણાંની ઉચાપત કર્યાની ડીડીઓને ફરિયાદ

વાલોડ: પેલાદ-બુહારી ગ્રામ પંચાયત યોગ્ય વહીવટને અભાવે વારંવાર વિવાદમાં સપડાઈ રહી છે.હાલ પંચાયતમાં નાણાંપંચની યોજનામાં મોરા ફળિયામાં ગટર લાઇનનું કામ તો મંજૂર કરવામાં આવ્યું પરંતુ ગ્રામ પંચાયતના સત્તાધીશોએ કોન્ટ્રાક્ટરો સાથે મળી ગટર લાઇન ન બનાવી એકબીજાની મદદગારી કરી બિલ પાસ કરી સરકારી નાણાં ઉચાપત કર્યા હોવાથી ગામના જાગૃત નાગરિકે તાપી ડીડીઓને લેખિત ફરિયાદ આપતાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ પેલાદ-બુહારી ગ્રામ પંચાયતમાં વિવાદ સમવાનું નામ લેતો નથી, જેમાં પંચાયતના સત્તાધીશોની બેદરકારીનો ભોગ સ્થાનિક ગ્રામજનો બની રહ્યા છે. ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ કક્ષાની નાણાંપંચની યોજના હેઠળ મોરા ફળિયામાં વિઠ્ઠલભાઈના ઘર નજીક ગટર લાઇનનું કામ મંજૂર કરવામાં આવ્યું હતું. જો કે, હકીકતમાં આજદિન સુધી ગટર લાઇનનું કામ કરવામાં આવ્યું નથી અને પંચાયતના શાસકોએ ઇજારદાર સાથે સાઠગાંઠ કરી સરકારનાં નાણાંનું બિલ પાસ કરી નાણાંની ઉચાપત કરી હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. સરકાર દ્વારા ગામે ગામ વિકાસ માટે ગ્રંથો ફાળવવામાં આવતી હોય છે. પરંતુ યોગ્ય વહીવટના અભાવે સ્થાનિક ગ્રામજનોને તેનો લાભ મળતો નથી. તેનું મુખ્ય કારણ આદિવાસી વિસ્તારમાં મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. આ મામલે અત્યંત ગંભીર બાબત એ છે કે, અશ્વિન પટેલના ઘરઆંગણામાં પણ છેલ્લા એક વર્ષથી રાજકીય કિન્નાખોરી રાખી પેવર બ્લોક કાઢી નાંખી બેદરકારીપૂર્વક મૂકવામાં આવ્યા છે. ફળિયામાં નાનાં બાળકો રમતાં હોય છે અને જો કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો જવાબદાર કોણ? છતાં પંચાયત દ્વારા આજદિન સુધી આ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જે ગંભીર બેદરકારી દર્શાવે છે. આ અંગે પંચાયતમાં પણ અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં કોઈ નિરાકરણ આવ્યું નથી અને મોરા ફળિયામાં ગટર લાઇનનું કામ કરવામાં આવ્યું નથી. તો બિલ કઈ રીતે પાસ કરી પૈસાનો વહીવટ કરવામાં આવ્યો છે. જે અંગે ગામના જાગૃત નાગરિક અશ્વિન પટેલ તેમજ સ્થાનિક રહીશોએ મંગળવારે તાપી જિલ્લાના ડીડીઓને લેખિત ફરિયાદ કરી યોગ્ય તપાસ કરી કસૂરવારો સામે યોગ્ય કાર્યવાહીની માંગ કરતાં ચકચાર મચી ગઈ છે.

તરસાડીના વૃદ્ધ ગુમ થતાં ફરિયાદ

હથોડા: તરસાડીના ચીકુવાડી ખાતે આવેલી રંગ અવધૂત સોસાયટી ખાતે રહેતા 71 વર્ષના વૃદ્ધ જીવનભાઈ છનિયાભાઈ પટેલ કોઈને કંઈ પણ કહી આવ્યા વિના ઘરેથી ક્યાંક ચાલી જતાં ઘટના બાબતે સંદીપકુમાર જીવનભાઈ પટેલે કોસંબા પોલીસમાં જાણ કરતાં પોલીસે ગુમ થયાની જાણવા જોગ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં
નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૦૧/૨૦૨૫
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૬/૩/૨૦૨૬
વાદી: વિશાલ પ્રવિણભાઈ રાઠોડ, રહે, તળાવ ફળીયુ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી બલેશ્વર બલેશ્વર ગ્રામ પંચાયત, તા.પલસાણા, જી.સુરત
વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી વિશાલ પ્રવિણભાઈ રાઠોડ, રહે. તળાવ ફળીયુ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરતના વિશાલ પ્રવિણભાઈ રાઠોડનું જન્મ તા.08/02/2005 ના રોજ બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૧/૪/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.
આજ રોજ તા.૧૬/૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૨૬/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬
વાદી :- અફઝલ વલીમોહમદ મલેક, રહે.હથોડા, મોચી ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી હથોડા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અફઝલ વલીમોહમદ મલેક, રહે.હથોડા, મોચી ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫ તેઓના પોતે અફઝલ વલીમોહમદ મલેકનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અફઝલ વલીમોહમદ મલેક ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૬૯ ૩. જન્મનું સ્થળ: મોજે.હથોડા, તા.માંગરોળ, જી.સુરત
સબળ, ઉપરોક્ત વિગતે અફઝલ વલીમોહમદ મલેકના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૨૭/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬
વાદી :- અબ્દુલસમદ અહમદ માંજરા, રહે.માંગરોળ રોડ, મોસાલી, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧
વિરૂધ્ધ
પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મોસાલી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અબ્દુલસમદ અહમદ માંજરા, રહે. માંગરોળ રોડ, મોસાલી, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧એ તેઓના પોતે અબ્દુલસમદ અહમદ માંજરાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અબ્દુલસમદ અહમદ માંજરા ૨. જન્મ તારીખ: ૨૪/૦૮/૧૯૫૮ ૩. જન્મનું સ્થળ: મોજે.મોસાલી, તા.માંગરોળ, જી.સુરત
સબળ, ઉપરોક્ત વિગતે અબ્દુલસમદ અહમદ માંજરાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

પ્રાથમિક શાળા ઝુમાવાડી, તા. ઉમરપાડા, જિ. સુરત
જાહેર હરાજી
આથી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત અને તાલુકા પંચાયત ઉમરપાડા બાંધકામ વિભાગ મારફતે મળેલ મંજૂરી અન્વયે પ્રાથમિક શાળા ઝુમાવાડી, તા. ઉમરપાડા, જિ. સુરતના જર્જરિત ૨ (બે) ઓરડાની જાહેર હરાજી તારીખ :- ૨૪/૦૩/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે તો જે તે વ્યક્તિઓએ હરાજીમાં ભાગ લેવા ઇચ્છા ધરાવતા હોય તેઓએ ઉપરોક્ત સમય અને સ્થળે હાજર રહેવા આમંત્રણ છે. હરાજીની શરતો હરાજીના સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. હરાજીની ડિપોઝીટ પેટેની રકમ રૂ. ૧૦,૦૦૦=૦૦ (દસ હજાર પુરા) ભરવાના રહેશે.
સ્થળ :- પ્રાથમિક શાળ